**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૮/૧૨/૨૦૧૪ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૩૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી ૩૯૬ લીટર દેશી દારૂ, ૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, બે સ્કૂટર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪૭,૩૨૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૧૩૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ** **સમાચાર યાદી નં. ૩૧૪૦/૧૪**

**સેટેલાઈટઃ** હેમીબહેન મોહનભાઈ ભાટી (રહે.રામદેવનગર, સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૨/૧૪ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે રામદેવનગર પાણીની ટાંકી પાસે દશામાંના મંદિર પાસે પોતાના કાકા સસરા જગદીશભાઈ ભાટી (ઉ.વ.૬૦) (રહે. રામદેવનગર પાણીની ટાંકી પાસે દશામાંના મંદિરમાં, રામદેવનગર સેટેલાઇટ) ને આરોપી (૧) રતીલાલ ધનાભાઈ રાઠોડ અને (૨) પુનમ ધનાભાઈ રાઠોડ (બન્ને રહે. રામદેવનગર સાર્થક ટાવર સામે સેટેલાઈટ) એ ભેગા મળી “તુ અહિયા કેમ સુવે છે ? અમારો સામાન ઉતારવાનો છે” તેમ કહી ગડદાપાટુનો માર માર્યો હતો. આથી જગદીશભાઈ શરીરે ઇજાઓ થતાં સારવાર માટે સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૨/૧૪ બપોરનાં ૩/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૩૧૪૧/૧૪**

**ક્રાઇમ બ્રાન્ચઃ** જયદિપસિંહ ફતેસિહ સોલંકી (રહે.ગામ.અલીન્દ્રા ગોરનો કુવો, તા.નડીયાદ, જી.ખેડા) એ તા.૨૭/૧૨/૧૪ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરિયાદ નોધાવી છે તા.૧૫/૧૨/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૭૬૫૯૯૪૯૩૭ ના ધારકે જયદિપસિહને ફોન કરી પોતે બેંક ઓફ બરોડા મુંબઇ હેડ ઓફીસમાથી બોલુ છુ અને “તમારુ એટીએમ કાર્ડ બ્લોક થઇ ગયેલ અને રજીસ્ટ્રેશન રદ થઇ ગયેલ છે” તેમ કહી જયદિપસિહને વિશ્વાસમા લઇ જયદિપસિહ પાસેથી એ.ટી.એમ.કાર્ડ નંબર તથા પીન નંબર મેળવી, જયદિપસિહના બેન્કના ખાતામાંથી રૂપિયા ૩૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરી જયદિપસિહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં. ૩૧૪૨/૧૪</u>**

**ઘાટલોડીયાઃ** સુમનબહેન સોમાભાઇ દેસાઇ (ઉ.વ.૧૭) (રહે. લાખણેચી ભુવન ગોપાલનગર વિભાગ-૧ સુમેય ફ્લેટ સામે ,સેંટઝેવિયસં લોયેલા હોલ પાસે મેમનગર) ને તા.૨૬/૧૨/૧૪ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ઘાટલોડીયા પારસનગર પટેલ ડેરી નજીકથી આરોપી ફાલ્ગુન ઉર્ફે કુલો મોતીભાઇ રબારી (રહે. અજંતા ઇલોરા પાસે આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ સોલા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સુમનબહેનના પિતા સોમાભાઇ દેસાઇએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.ડી ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.